ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક
વિકાસ નિગમને પ્રથમ હપ્તા પેટે રૂ.33.33
લાખની વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત.
વર્ષ ૨૦૧૯-૨૦

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ-૧૦૨૦૧૭-૧૪૮૮-અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૪/૦૭/૨૦૧૯

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૪-03-૨૦૧૯ નો ઠરાવ ક્રમાંકઃ બજટ/૧૦૨૦૧૯/૧૨૦૩૧૯/બ

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૧૪/૦૫/૨૦૧૯નો પત્ર ક્રમાંકઃ વિજાક/બો.નિ./૨૦૧૯-૨૦/૭૧૮-૭૧૯

આ મુ ખ :-

ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે કચેરીના વહીવટી ખર્ચ હેતુ વર્ષ ૨૦૧૯-૨૦ માં રૂ.૧૦૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટની ચાર માસ માટેના લેખાનુદાનમાં જોગવાઇ કરવામાં આવેલ છે જે અન્વયે આ વિભાગના વંચાણ (૧) સામે દર્શાવેલ તા.૧૪-03-૨૦૧૯ના ઠરાવથી આ ગ્રાન્ટની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણ ક્રમાંક (૨) પરના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતનાં તા.૧૪/૦૫/૨૦૧૯નાં પત્રથી આ વહીવટી ગ્રાન્ટના પ્રથમ હપ્તા પેટે ત્રીજા ભાગની વહીવટી ગ્રાન્ટ એટલે કે રૂ.33.33 (અંકે રૂપિયા તેત્રીસ લાખ તેત્રીસ હજાર પૂરા) ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના હવાલે મુકવાની દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

ઠ રા વ :-

પુખ્ત વિચારણાના અંતે કુલ રૂ.૧૦૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટમાંથી પ્રથમ હપ્તા પેટે રૂ રૂ.33.33 (અંકે રૂપિયા તેત્રીસ લાખ તેત્રીસ હજાર પૂરા) ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

શ ર તો :-

૧. આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને હવાલે મુકવાની રહેશે.

૨. આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

3. સને ૨૦૧૯-૨૦ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૪. જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૫. નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

૬. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૮૦ સામાન્ય, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્રની સહાયક અને અન્ય, પેટા સદર- ૦૧ ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ હેઠળ ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાકીય વર્ષમાં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર વિભાગના અગ્રસચિવશ્રી(સા.ન્યા)ની તા.૨૩-૦૭-૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિજય પી. ચોટલિયા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાનાઃ-

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(બજેટ શાખા/કોમ્પ્યુટર સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.